સંદેશ , પાના નંબર :- ૦૫

તારીખ :- ૨૦/૦૧/૨૦૨૬

# મહાત્મા મંદિર સુધી મેટ્રોમાં ત્રણ દિવસમાં ૧૬ હજાર મુસાફરોએ સવારી કરી

| અમદાવાદ |

ગાંધીનગરમાં સચિવાલયથી મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન દોડતી થઈ છે. ગત તા. ૧૬ જાન્યુઆરીથી શરૂ કરાયેલી આ મેટ્રો સેવાના પ્રથમ દિવસે ૪,૩૧૦ મુસાફરોએ લાભ લીધો હતો. બીજા દિવસે ૪,૯૮૨ મુસાફરોએ મુસાફરી કરી હતી. જ્યારે ત્રીજા દિવસે તા. ૧૮ જાન્યુઆરીના રોજ ૬,૮૮૨ મુસાફરોએ આ રૂટ પર મુસાફરી કરી હતી.

આ અંગે મેટ્રોના અધિકારીઓના જણાવ્યા મુજબ મેટ્રો સેવાના વિસ્તરણથી સચિવાલયથી અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪ અને મહાત્મા મંદિરના નવા સ્ટોપેજ મળતા આ વિસ્તારના લોકોની સીધી કનેક્ટીવીટી અમદાવાદ સાથે થઈ ગઈ છે. ગાંધીનગરના પાંચ સ્ટેશનોના લોકો હવે અમદાવાદમાં વસ્ત્રાલ ગામ, થલતેજ ગામ, વાસણા સુધીના રૂટો પર મેટ્રોમાં હાથવગી મુસાફરી કરી શકે છે. મહતમ ૪૦ રૂપિયાના ભાડામાં ગાંધીનગરથી અમદાવાદના કોઈપણ છેડે ઓછા સમયમાં મુસાફરી કરી શકાય છે. જેને લઈને ગાંધીનગરમાં મેટ્રોને સારો એવો પ્રતિસાદ સાંપડ્યો છે. મહત્ત્વનું છે કે અમદાવાદથી ગાંધીનગર મેટ્રોની સેવા સીધી કનેક્ટ થઈ જતા મુસાફરોને સૌથી મોટી રાહત થઈ ગઈ છે. મેટ્રોની મુસાફરીથી ઓછા ભાઠામાં સમયનો બચાવ થાય છે.